# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-09-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નાગરિક ઉડ્ડયન અંગેની એશિયા પ્રશાંત મંત્રી સ્તરીય પરિષદમાં ભાગ લેશે.**
- **સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે જોધપુરમાં તરંગ શક્તિ ક્વાયતનું નિરીક્ષણ કર્યું.**
- હરિયાણા અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે અંતિમ દિવસ.
- બાંગ્લાદેશમાં વચગાળાની સરકારે બંધારણ સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સુધારો લાવવા છ કમિશનની રચના કરી.
- **હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન દેશના 19 રાજ્યોમાં અતિ ભારે વરસાદની આગાહી કરી.**
- **એશિયન ક્રિકેટ કાઉન્સિલે મહિલા અંડર – 19 ટી-ટ્વેન્ટી એશિયા કપની જાહેરાત કરી.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

( સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## CIVIL AVIATION CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે નાગરિક ઉડ્ડયન અંગેની બીજી એશિયા-પ્રશાંત મંત્રી સ્તરીય પરિષદમાં ભાગ લેશે. આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી તમામ સભ્ય દેશો દ્વારા "દિલ્હી ઘોષણાપત્ર" ને અપનાવવાની જાહેરાત પણ કરશે. દિલ્હી ઘોષણાપત્ર એ એશિયા પ્રશાંત ક્ષેત્રમાં ઉડ્ડયન ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટેની મહત્વાકાંક્ષી યોજના છે.

આ પરિષદ અને દિલ્હી ઘોષણાપત્રનો સ્વીકાર એશિયા-પ્રશાંત દેશોનાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં સલામતી અને સાતત્યતાને આગળ ધપાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

આ પરિષદનું આયોજન નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. તેમાં સમગ્ર એશિયા-પ્રશાંત પ્રદેશમાંથી પરિવહન અને ઉડ્ડયન મંત્રીઓ, નિયમનકારી સંસ્થાઓ અને ઉદ્યોગ નિષ્ણાતો એક મંચ પર ઉપસ્થિત રહેશે.

## RAJNATH SINH- TARANG SHKTI

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારતના ત્રણેય સૈન્ય વડાઓ સાથે રાજસ્થાનના જોધપુર એરફોર્સ સ્ટેશન ખાતે ચાલી રહેલ તરંગ શક્તિ કવાયતનું નિરીક્ષણ કર્યું.

આ પ્રસંગે રાજનાથ સિંહે જણાવ્યું કે, આ કવાયતનો ઉદ્દેશ્ય દેશની સૈન્ય ક્ષમતાઓને પ્રદર્શિત કરવા અને સહભાગી રાષ્ટ્રો વચ્ચે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત કરવાનો છે. તેમણે કહ્યું, તરંગ શક્તિ એ મિત્ર દેશો વચ્ચે સહયોગ અને પરસ્પર વિશ્વાસનું નિર્માણ કરવાનું માધ્યમ છે..

જોધપુર ખાતે સંરક્ષણ ઉડ્ડયન પ્રદર્શનની આ આવૃત્તિ શનિવાર સુધી યોજાવાની છે, જેમાં ઉદ્યોગો મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે. પ્રદર્શનમાં સંરક્ષણ ઉત્પાદનો અને ટેકનોલોજી રજૂ કરવામાં આવશે.

# MUMBAI GANESH IMMERSION

મહારાષ્ટ્રમાં, ગઈકાલે લાખો ભક્તોએ ગણપતિ બાપ્પાને વિદાય આપી. રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનના નિવાસસ્થાને સ્થાપિત ઈકો-ફ્રેન્ડલી ગણેશજીનું રાજભવન ખાતેના કૃત્રિમ તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. માટીમાંથી બનેલી આ મૂર્તિ નાસિક સેન્ટ્રલ જેલના એક કેદી દ્વારા બનાવવામાં આવી હતી.

મુંબઈમાં 5 દિવસના ગણેશ ઉત્સવ બાદ 38 હજારથી વધુ ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાંથી 37 હજારથી વધુ ઘરગથ્થુ

અને 1 હજારથી વધુ સાર્વજનિક ગણેશ મંડળના ગણપતિ હતા. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને વિસર્જન માટે કૃત્રિમ તળાવ બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં ગણેશ ઉત્સવ અનંત ચતુર્દશીના દિવસે અંતિમ વિસર્જન સાથે 10 દિવસ સુધી ચાલે છે.

## Haryana Congress- Assembly Elections

પાંચમી ઑક્ટોબરે યોજાનારી હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટે કૉંગ્રેસે આજે વધુ બે ઉમેદવારો સાથેની પાંચમી યાદી જાહેર કરી છે.

પક્ષે નરેશ સેલવાલને ઉકલાના બેઠક પરથી જયારે જસબીર સિંહને નરનોંદ બેઠક પરથી ટિકિટ આપી છે. જોકે આજે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ હોવા છતાં કૉંગ્રેસે હજુ સુધી સોહના અને ભિવાની બેઠક પરથી ઉમેદવારોના નામની જાહેરાત કરી નથી. નોંધનીય છે કે, પક્ષે કૈથલ બેઠક પરથી સાંસદ અને રાષ્ટ્રીય પ્રવક્તા રણદીપ સુરજેવાલાના પુત્ર આદિત્ય સુરજેવાલાને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

તો બીજીતરફ આમ આદમી પાર્ટીએ આજે 19 ઉમેદવારોની છઠ્ઠી યાદી પ્રસિદ્ધ કરી છે. પક્ષે પંચકુલાથી પ્રેમ ગર્ગ, ફતેહાબાદથી કમલા બિસલાને ટિકિટ આપી છે. અંબાલા શહેરથી કેતન શર્મા અને દાદરી બેઠક પરથી ધનરાજ કુંડું લડશે.

# J-K NOMINATIONAS

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા આજે સમાપ્ત થશે. આ તબક્કામાં 1 ઓક્ટોબરે ચાલીસ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન થશે. જ્યારે ઉમેદવારી પત્રોની ચકાસણી આવતીકાલે થશે. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ 17 સપ્ટેમ્બર છે.

જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ બે તબક્કાના મતદાન માટે 18 સપ્ટેમ્બર અને 25 સપ્ટેમ્બરે મતદાન થશે.

# KOLKATTA PROTEST

પશ્ચિમ બંગાળના આરોગ્ય વિભાગના મુખ્યાલયની સામે જુનિયર ડોકટરો દ્વારા ચાલી રહેલું વિરોધ પ્રદર્શન ગુરુવારે ત્રીજા દિવસે પણ યથાવત રહ્યું હતું.

આર.જી.કર મેડિકલ કોલેજમાં સહયોગી ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આંદોલન કરી રહેલા જુનિયર ડૉક્ટર્સ દ્વારા સ્પષ્ટ કરી દેવાયું છે કે, જ્યાં સુધી તેમની માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી તેઓ આંદોલન સમેટશે નહીં. રાજ્ય સરકાર દ્વારા ચર્ચા માટેના સતત પ્રયાસો, છતાં પોતાની માંગણી પર મક્કમ તબીબો પીછેહટ કરવા તૈયાર નથી. સરકારને ડોકટરોએ સ્પષ્ટ પણે કહ્યું હતું કે તેમની ચાર મુદ્દાની શરતો સ્વીકાર્યા પછી જ ચર્ચા કરાશે.

# BANGLADESH REFORM

બાંગ્લાદેશમાં વચગાળાની સરકારે બંધારણ સહિત છ મુખ્ય ક્ષેત્રોમાં સુધારા લાવવા માટે છ કમિશનની રચના કરવાની જાહેરાત કરી છે.

મુખ્ય સલાહકાર પ્રોફેસર મુહમ્મદ યુનુસે ગઈકાલે સાંજે રાષ્ટ્રને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, બંધારણ, ચૂંટણી પ્રણાલી, ન્યાયતંત્ર, પોલીસ, ભ્રષ્ટાચાર વિરોધી આયોગ અને જાહેર વહીવટ આ છ ક્ષેત્રોના કમિશનની રચના કરાઈ છે.શ્રી યુનુસે વધુમાં જણાવ્યું કે, આ કમિશનના વડા તરીકે છ પ્રતિષ્ઠિત નાગરિકોની નિમણૂક કરવામાં આવી છે.

નોંધનીય છે કે, કમિશનના અહેવાલના આધારે સરકાર આગામી તબક્કે મુખ્ય રાજકીય પક્ષો સાથે ચર્ચા વિચારણા કરશે.

# J&K KUPWARA

જમ્મુ અને કાશ્મીરમાં સલામતી દળોએ એક ઓપરેશનમાં ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાંથી મોટી માત્રામાં દારૂગોળો અને વિસ્ફોટનો જથ્થો જપ્ત કર્યો છે. ચોક્કસ બાતમીના આધારે, કુપવાડાના કેરન સેક્ટરમાં સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. તેમાં હથિયારનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો, જેમાં એકે-47 રાઉન્ડ, હેન્ડ ગ્રેનેડ, આરપીજી રાઉન્ડ અને ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (IED)નો સમાવેશ થાય છે.

સંરક્ષણ પ્રવક્તા અનુસાર, કેન્દ્ર શાસિત પ્રદેશમાં વર્તમાન સુરક્ષા સ્થિતિ અને આગામી સમયની મહત્વપૂર્ણ ઘટનાઓને ધ્યાનમાં રાખીને

શસ્ત્રોની આ જપ્તી નોંધપાત્ર છે. જમ્મુ અને કાશ્મીરમાં તૈનાત એક ખાસ ચૂંટણી નિરીક્ષકે આપેલી બાતમીના આધારે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

## Terrorist killed

જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં ગઈ કાલે સલામતી દળો સાથેની અથડામણમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા.

સેનાના રાઇઝિંગ સ્ટાર કોર્પ્સે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, જમ્મુ ડિવિઝનમાં ઉધમપુર અને કઠુઆ જિલ્લાની સરહદ પર બસંતગઢના ઉપરના ભાગમાં સલામતી દળો અને આતંકવાદીઓ વચ્ચે વહેલી સવારે ગોળીબાર થયો હતો. આ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની બાતમી મળતાં જ સલામતી કર્મીઓ બસંતગઢ પહોંચ્યા અને વિસ્તારને કોર્ડન કરી લીધો. છુપાયેલા આતંકવાદીઓએ જવાનો પર ગોળીબાર કર્યો જેના પગલે સુરક્ષા દળોએ કરેલી જવાબી કાર્યવાહીમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા.

## IMD- RAINFALL

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન દેશના 19 રાજ્યોમાં અતિ ભારે અને મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે.

આવતીકાલે બિહાર, ઓડિશા, ઝારખંડ નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદની સંભાવના છે. હવામાન ખાતાએ જણાવ્યું હતું કે, અઠવાડિયા દરમિયાન મધ્ય ભારત, કોંકણ, ગોવા અને ગુજરાતમાં  હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

દરમિયાન દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ગઈ મોડી રાતથી હળવોથી મધ્યમ વરસાદ થઈ રહ્યો છે. વરસાદને કારણે આજે સવારે રાજધાનીમાં વાહનવ્યવહાર પર પણ અસર પડી હતી.

## Shimla mosque

હિમાચલ પ્રદેશનાં સંજૌલી વિસ્તારમાં એક મસ્જિદનાં ગેરકાનૂની ભાગને તોડી પાડવાની માંગણી કરી રહેલા દેખાવકારોનાં સમર્થનમાં રાજ્યનાં અનેક ભાગોમાં વેપારી એકમો બંધ રહ્યા હતા. જોકે, સરકારી અને ખાનગી બસો તથા ટ્રેનો ચાલુ રહી હતી. સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ રાબેતા મુજબ કામ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે ગઈ કાલે દેખાવકારો શેરીઓમાં આવી ગયા હતા અને બેરિકેડ તોડીને પોલિસ સાથે સંઘર્ષમાં ઉતર્યા હતા. આજે સવારે 10થી બપોરનાં એક વાગ્યા સુધીનાં બંધ દરમિયાન મોટા ભાગની ખાનગી હોટલો, રેસ્ટોરન્ટો અને દુકાનો બંધ રહ્યા હતા. સિમલા બ્યાપાર મંડલના

પ્રમુખ સંજીવ ઠાકુરે જણાવ્યું હતું કે, શહેરમાં વેપાર ધંધા સંપૂર્ણપણે બંધ રહ્યા હતા.

# ASIA T-19 CUP

મહિલા ક્રિકેટને પ્રોત્સાહન આપવાના એક મહત્વપૂર્ણ પગલામાં, એશિયન ક્રિકેટ કાઉન્સિલ-ACC એ મહિલા અંડર-19 T-20 એશિયા કપની શરૂઆતની સત્તાવાર જાહેરાત કરી છે.

મલેશિયાના કુઆલાલમ્પુરમાં ACCની એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠક દરમિયાન આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. ACC એ એક સત્તાવાર યાદીમાં પુષ્ટિ કરી છે કે, મહિલા અંડર-19 એશિયા કપ દ્વિવાર્ષિક રૂપે યોજવામાં આવશે. દરેક ICC મહિલા અંડર-19 વિશ્વ કપ પહેલાંની મુખ્ય તૈયારી ધરાવતી ટુર્નામેન્ટ તરીકે તેને સ્થાન આપવામાં આવશે.

ટૂર્નામેન્ટનો હેતુ એશિયામાં ઉભરતી મહિલા ક્રિકેટરોને આંતરરાષ્ટ્રીય મંચ પર સ્પર્ધા કરવાની તક આપીને અનુભવ પ્રદાન કરવાનો છે.